
# ગુરુનાં વચનોમાં જેને વિશ્વાસ નથી તેને સ્વપ્નમાં પણ સિદ્ધિ સુલભ નથી

**આચમન**
**બિપિન પટેલ**

ગુરુગીતાનો એક શ્લોક ખૂબ જ પ્રચલિત છે! કેટલીક શાળાઓમાં તો શિક્ષણકાર્યનો પ્રારંભ જ એ શ્લોકથી કરવામાં આવે છે, 'ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ' વ્યક્તિના જીવનમાં બે પ્રકારના ગુરુ આવે છે. એક છે શિક્ષાગુરુ અને બીજા છે દીક્ષાગુરુ! જે વ્યવહારિક શિક્ષણ આપે તે શિક્ષાગુરુ અને જે આધ્યાત્મિક જ્ઞાન આપે, પારમાર્થિક શિક્ષણ આપે તે દીક્ષાગુરુ! દીક્ષા-ગુરુ મંત્રદીક્ષા દ્વારા બ્રહ્મા રૂપે શિષ્યને નવો જન્મ આપે છે, વિષ્ણુરૂપે તેની સાધનાને પ્રેમ-પ્રેરણા વડે પ્રોત્સાહિત કરીને તેની સાધનાનું પોષણ કરે છે અને શિવરૂપે તેના અંતઃકરણની મલિનતા અને દુર્ગુણોનો નાશ કરીને તેના અંતઃકરણને શુદ્ધ કરે છે. આમ ગુરુદેવ ત્રિદેવરૂપે શિષ્યને શિષ્યત્વ પ્રદાન કરે છે, તેની સાધનાનું રક્ષણ-પોષણ કરે છે અને શિષ્યત્વ પ્રદાન કરે છે, તેની સાધનાનું રક્ષણ-પોષણ કરે છે અને તેના મલિન સંસ્કારોનો નાશ કરે છે. કોઈ શિષ્ય જયારે એવા ત્રિદેવ સમાન ગુરુદેવનાં વચનોમાં કે શબ્દોમાં વિશ્વાસ નથી કરતો ત્યારે તે પોતે જ પોતાનું અકલ્યાણ કરે છે! જયારે તે ગુરુદેવના શબ્દોમાં વિશ્વાસ નથી કરતો ત્યારે તે સાધનાપથ પર આગળ વધી શકતો નથી. તેમ કરીને તે પોતે જ પોતાની સફળતાનો માર્ગ બંધ કરી દે છે અને પોતાને મળેલો સોનેરી અવસર તે ગુમાવી દે છે. ગોસ્વામી તુલસીદાસજીએ તેમના શ્રીરામચરિતમાનસના બાલકાંડમાં એક અનોખું સૂત્ર આપ્યું છે, 'ગુરુકેં બચન પ્રતીતિ નહિ જેહિ, સ્વપ્નેહું સુગમ ન સુખ સિદ્ધિ તેહિ!' જેને પોતાના ગુરુનાં વચનોમાં વિશ્વાસ નથી તેને સુખ અને સિદ્ધિ-સફળતા સ્વપ્નમાં પણ સુલભ નથી. અર્થાત સાધનાપથની સફળતા માટે ગુરુદેવનાં વચનોમાં દૃઢ વિશ્વાસ અને તેના પાલનની અત્યંત જરૂર છે.

ગુરુદેવનાં વચનો કેવળ શબ્દો નથી, આધ્યાત્મિક ઊર્જા છે. જેને ગ્રહણ કરીને શિષ્ય પ્રત્યેક પ્રકારની સફળતા પામી શકે છે. ગુરુદેવના શબ્દોમાં વિશ્વાસ



રાખનાર શિષ્યનું હંમેશાં કલ્યાણ જ થાય છે. આ દિશામાં તુલસી રામાયણનો એ પ્રસંગ પ્રેરણાત્મક છે, કે જયાં પાર્વતીજી પોતાના ગુરુ નારદજીના શબ્દોમાં અડગ વિશ્વાસ રાખીને સપ્તર્ષિઓના પ્રસ્તાવને કડક શબ્દોમાં ઠુકરાવી દે છે. જાણવા ને સમજવા જેવો છે એ પ્રસંગ. નારદજીના કહેવા પ્રમાણે શિવજીને પતિરૂપમાં પામવા માટે પાર્વતીજીએ કઠીન તપ કર્યું. તેમના અડગ વિશ્વાસને ચલિત કરવા માટે સપ્તર્ષિઓ તેમને શિવજી વિરૂદ્ધ ભડકાવવાનો પ્રયત્ન છે. પાર્વતીજીને ભ્રમિત કરવાના પ્રયત્નો કરતાં તેઓ કહે છે, ''કયાં તમે રૂપ રૂપનો અંબાર, સુશીલ, સુકોમળ અને કયાં ઘર-બાર વિહીન કુવેશધારી શિવ! જેનું કોઇ કુળ નથી, જે દિગંબર વેશધારી છે. જેના શરીર પર ભસ્મના લપેડા અને ગળામાં સર્પની માળા છે-એવા શિવ માટે તમે આ કઠીન તપ કર્યું? શું સુખ મેળવશો તમે એવા શિવજીને પરણીને? એકલાઅટૂલા કઢંગા શિવજીનો વિચાર છોડો અને અમે જેનું સૂચન કરીએ છીએ તે સૌંદર્ય અને ઐશ્વર્યના ભંડાર એવા ભગવાન વિષ્ણુને પતિરૂપે સ્વીકારીને અનંત સુખ ભોગવો! પેલા ઉદાસીન શિવજી પાસે તો તમે સુખની કલ્પના પણ નહીં કરી શકશો. માટે...''

''બસ કરો! બંધ કરો તમારી આ વ્યર્થ શબ્દાવલી!'' પાર્વતીજી શિવજી વિશે અનુચિત શબ્દો સાંભળવા તૈયાર નથી. તેમણે કહ્યું, ''મારા ગુરુદેવોના શબ્દોમાં વિશ્વાસ રાખીને જ મેં શિવજીને પતિ રૂપમાં પામવા માટે આ કઠીન તપ કર્યું છે. મારા ગુરુદેવના પ્રત્યેક શબ્દો મારે માટે કલ્યાણકારી છે. કાન ખોલીને સાંભળી લો- તમે સુખ સમૃદ્ધિની વાત કરો છો પરંતુ જેને પોતાના ગુરુના શબ્દો કે વચનોમાં વિશ્વાસ નથી તેને સુખ અને સમૃદ્ધિ સ્વપ્નમાં પણ

> જેના શરીર પર ભસ્મના લપેડા અને ગળામાં સર્પની માળા છે-એવા શિવ માટે તમે આ કઠીન તપ કર્યું? શું સુખ મેળવશો તમે એવા શિવજીને પરણીને?

મળતાં નથી. તમે ભલે મને શિવજી વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કરશો પરંતુ કરોડો જન્મ સુધી મારી એક જ હઠ રહેશે કે પરણીશ તો શિવજીને જ, નહીં તો કુંવારી રહીશ! સ્વયં શિવજી પણ આવીને મને તેમની વિરુદ્ધ ભડકાવવાનો પ્રયત્ન કરે તો પણ હું માનવાની નથી કારણ કે મને મારા ગુરુદેવ અને તેમનાં વચનોમાં અડગ વિશ્વાસ છે. માટે મન ચલિત કરવાના પ્રયત્ન

# રૂપિયા તો માટી બરાબર



**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

ગંગા નદીના કિનારે લોકોની ભીડ જામી છે. સંતો-મહંતો, સાધુઓ પર્વસ્નાન કરી રહ્યા છે. કેટલાક ભાવિક ભકતો સંતોના ચરણે ભેટરસ્વરૂપે નાણાં મૂકી રહ્યા છે.

એવા એક સંતના ચરણમાં કોઈએ સિક્કાનો ઢગલો કરી દીધો. સંત એ તરફ નજર પણ કરતા નથી. એ સિક્કાનો રણકાર પણ સંતના કાને ન પડયો. એ સંત ચિંતનમાં ઊંડા ઊતરી ગયા છે. અચાનક આંખ ખોલી ને પેલો રૂપિયાનો ઢગલો એમની નજરે પડયો પણ એમની આંખોને આશ્ચર્ય થયું નથી. રૂપિયાની ચમક એમને આંજી ન શકી. એમણે રૂપિયા મુઠ્ઠીમાં ભરી, ગંગાજીમાં પધરાવવાનું શરૂ કર્યું. એ ભકત અને બીજા લોકો આભા બની જોતા રહ્યા.

સંત મુઠ્ઠીઓ ભરી નાણાં નદીમાં પધરાવી રહ્યા છે અને બોલતા જાય છે. આ મીટ્ટી તુજે અર્પણ, મા ગંગા, તેરા તુજ કો અર્પણ!

લોકો વિચારે છે. આ સંત આમ કેમ બોલે છે, 'આ મીટ્ટી તુજ કો અર્પણ'

એક જણે સંતને પૂછ્યું: ''મહારાજ, આ રૂપિયા છે પણ આપ તેને મીટ્ટી કહી નદીમાં પધરાવી રહ્યા છો. આમ કેમ? આ મીટ્ટી થોડી છે.

સંતે કહ્યું, ''ભાઈ, અમારે માટે તો આ રૂપિયા માટી બરાબર છે. સોના-ચાંદી, રૂપિયા બધી જડ વસ્તુ માટી બરાબર છે. અમારે એ શા કામનું? માટી અને રૂપિયાનો ભેદ તો સંસારી જીવો માટે છે. અમારા માટે તો બધું સરખું છે. માટી અને રૂપિયાનો ભેદ તો સંસારી માટે છે. અમારા માટે તો બધું સરખું છે. મારા ચરણે ચમકતા સિક્કાનો ઢગલો કરી તમે મને મોહ-માયામાં નાખવા માગો છો પણ એ શકય નથી, અમે એ બધું ત્યાગી દીધું છે. એનું મૂલ્ય તમારા માટે હશે, મારા માટે તો માટી બરાબર છે એટલે મેં નદીમાં પધરાવ્યા. જેને કામનું હશે તે લઈ જશે.''

જડ વસ્તુઓનો મોહ અને માયાનું બંધન જયાં સુધી ન છોડી શકાય ત્યાં સુધી સાધુ ન થવાય, સાધુતા ત્યાગમાં છે. જયાં સુધી માયાના બંધનમાં નાખનાર વસ્તુની આસક્તિ રહે ત્યાં સુધી પરમાત્માને પામી ન શકાય. પરમતત્ત્વને પામવા જડ વસ્તુઓના બંધનમાંથી છૂટવું જ પડે. સાચા ત્યાગ વગર પ્રભુપ્રાપ્તિ કેમ થાય?

ભકતો ચક્તિ બની સાંભળી રહ્યા અને એ ખરા

> મારા ચરણે ચમકતા સિક્કાનો ઢગલો કરી તમે મને મોહ-માયામાં નાખવા માગો છો પણ એ શકય નથી, અમે એ બધું ત્યાગી દીધું છે

ત્યાગી સંતને વંદન કરી વિદાય થયા. એ સંત હતા બંગાળના સુપ્રસિદ્ધ સ્વામી રામકૃષ્ણ પરમહંસ જેમણે પોતાની સાધના અને તપના બળે મા કાળીનો સાક્ષાત્કાર કર્યો હતો અને કાલિકા માતા સાથે એ વાત કરી શકતા નથી. એવા મહાન સંતના શિષ્ય સ્વામી વિવેકાનંદ હતા, જે વિવેકાનંદે વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવ્યો હતો.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.23 થી તા.1 માર્ચ 2026

### તા.૨૩ સોમવાર
ફાગણ સુદ છઠઆચાર્ય સુંદર સાહેબ પુણ્યતિથિ, સાતમ ક્ષય તિથિ, જૈન ફાગણ અઠ્ઠાઈ પ્રારંભ, હોળાષ્ટક પ્રારંભ

### તા.૨૪ મંગળવાર
ફાગણ સુદ આઠમ
દુર્ગા આઠમ, દાદુ દયાળ જયંતી

### તા.૨૫, બુધવાર
ફાગણ સુદ નોમ, શ્રી હરિ જયંતી, અવતાર મેહેરબાબા જયંતી, લઠમાર હોળી-બરસાના ઉ.પ્રદેશ.

### તા.૨૬ ગુરુવાર
ફાગણ સુદ દશમ, ફાગુ દશમી

### તા.૨૭ શુક્રવાર
ફાગણ સુદ એકાદશી,આમલકી એકાદશી- આમળા.

### તા.૨૮ શનિવાર
ફાગણ સુદ બારસ,પયોવ્રત સમાપ્ત, ગોવિંદ બારસ, રાષ્ટ્રીય વિજ્ઞાન દિન,ખાટુશ્યામ મેળો, રાજસ્થાન.

### તા.૧ રવિવાર
ફાગણ સુદ તેરસ, પ્રદોષ, ગોળીગઢનો મેળો - વાંસકુઇ, મહુવા

## સુવિચાર

સાચી ખુશી પૈસામાં નહીં, પરંતુ સંતોષમાં મળે છે.

વિશ્વાસ એ જ શક્તિ છે, જે અશક્યને પણ શક્ય બનાવી શકે છે.

સારા કામ કરો, પરિણામ સમય પર પોતે જ બોલશે. જેમ સૂર્ય દરરોજ ઉગે છે, તેમ નવી આશા પણ દરરોજ જન્મે છે.